ગુજરાતી

પાંચ ચોપડીના અર્થ

કવિતાના અન્વય સાથે

બનાવનાર તથા પ્રસિદ્ધ કરનાર

કાંકુચંદ માહાસુખરામ.

આવૃત્તી પેહેલી.

અમદાવાદ

માણેકચોક આગળ બાવાભાઈઓની સાથ
શા હિરાભાઈ પુનમચંદના મકાનમાં
એંગ્લોપ્રેસમાં
કાળીદાસ ખોડભાઈએ છાપ્યા.

કીમત ૨ આના.

ગુજરાતી બીજી ચોપડીના અર્થ

પાઠ ૧.

ઉકેલતાં—વાંચતાં. ફેરવતાં.

શિખામણ—બોધ, ઉપદેશ.

મજાની—સારી, બેશ, સરસ, સુંદર.

સાચવજો—જાળવજો, સંભાળજો, રક્ષણ કરજો.

બાલીઓ—ભાભીઓ, વહીઓ, આચરીઓ.

અક્ષરે—હસ્તે, હરફે

આવડ્યા—શીખ્યા

સાંભળો—સુણો, શ્રવણ કરો.

બગાડશો—ખરાબ કરશો

તાણીને—ખેંચીને

વાતો—કથાઓ, કહાણીઓ.

મહેનત—મજુરી, વૈતરું, શ્રમ

ધીમે—હળવે, [illegible] આસ્તે

સાદ—ઘાંટો, નાદ.

પાઠ ૨

શોભાય—સારી દેખાય.

કારણ—કામ. અર્થ, મતલબ.

હૈયું—મન, દીલ અંતઃકરણ.

ચોપડીઓ—બુકો, પોથીઓ, પુસ્તકો.

હરખાય—ખુશી થાય, રાજી થાય.

સમજણ—અક્કલ, બુદ્ધિ, ગતાગમ.

વીગતથી—સારી રીતેથી

સાર—સારાંશ, મતલબ, શોધન તાત્પર્ય, અર્થાંત.

વિષે—બાબત.

પાઠ ૩

લાવ્યો—આણ્યો

પૂછ્યું—પુછપરછ કરી, [illegible]

જ કરી.

રાણી—રાજા.

બારણામાં—દ્વારમાં, ઘરમાં, દ રવાજામાં.

પસાશે-જવાશે, અવાશે.

પાટો—લુગડાનો લાંબો કકડો, બંધન.

બકલી-પછી.

ભાગ-હિસ્સો, કકડો.

બોલ્યા-કહ્યું.

પાઠ ૪

ફરિયાદ-દાદ, અરજ, વીનંતી.

એકલા-પંડે, જાતે.

પકડાવી-ઝલાવી.

મંગાવ્યો-અણાવ્યો.

માહારાજ—મોટા રાજા.

ગભરાઈને—અકળાઈને, બી હીને, રૂંધાઈને.

હુકમ—અમલ. આજ્ઞા, ફરમા ન, અખતિયાર, સત્તા.

રીસ—ક્રોધ, કફા, નામરજી.

પેટ—ઉદર.

કુવા—કુપ.

ધુમેધુમ—ઘાંટેઘાંટા, હોકારે હોકારા, ચાશીચાસ.

ગોવાળીયો—ઢોર ચારનાર.

ગોવાળ—ગાયોનો રખવાળ.

છેવટ—આખર. છેલ્લે.

ગોવાળણ-ગોવાળની વહુ.

વાળ્યું-દીધો, આપ્યો

કાહાડ્યો—ઉપર આણ્યો.

ફુટી-ભાગી.

પોળી—એક પડની રોટલી.

પાઠ ૬

તપાવી—ગરમ કરી, ઉની કરી.

પાટલા-બાજોઠીઓ.

લુસ્સાઈ-ઢબાઇ, ચોટાઇ, ડંડાઇ

ઠોક્યો—મારયો, કુટયો.

બાળચોળ-રાતુંચોળ.

લોહોડી—તવો.

દાઝી-બળી.

શોનાના-કનકના, હેમના.

પાઠ ૭

ગાગર-માણ, ઘડાના કરતાં મો ટું પાણી ભરવાનું વાસણ.

ઓસડ—દવા, ઔષધ.

ઝેર—વીખ

સાજી-તાજી, સારી હતી તેવી

છોકરી—છોકરી, છોરી, દીકરી, બેટી.

રોજ—હમેશ, નિત્ય.

ભેળાં—ભેગા.

પાઠ ૮

વરસાદ—મેહ, મેઘ, ઘન.

ઘેબરીયો-ઘેબરના જેવો મોટો

પ્રસાદ-ભોજન, સામગરી, નૈવેદ્ય

નેવલે—નેવે.

કારેલાનું—એક જાતની લાંબી તરી શાક.

ગાજે-રાવ કાહાડીને બોલજે.

દેડકો-મેડક, દાદુર.

ગીત—ગાયન, ઘોળ, ગાનતાન

ઠીક—સારૂં, બેશ.

સમજોછો—જાણોછો.

પાઠ ૯

એકજ—સરખુ, બરોબર.

જણુશ—વસ્તુ, ચીજ.

ખસાય—ખદાય.

પારકો—બીજા કોઈનો.

પાઠ ૧૦

જાળવે-સાચવે, સંભાળે.

રક્ષણ કરે, જતન કરે.

રાતે-નિશાએ, જામનીએ, રજનીએ, રાત્રીએ.

પટેલ—કણબી, ગાડા હાંકનાર

નીરે-નાખે, ખાવાનું મુકે.

સભાળ-રક્ષણ, તજવીજ.

જતન—આસ્તેના વાસના, સંભાળ, સાચવણી.

નકી—હઠીલું, આડું, મતીલું.

વાછરડું—ગાયનું બચ્ચું, રેવડું.

વાડો—છીંડી, ઢોર બાંધવાની જગા.

પાડું-ભેંશનું બચ્ચું

ગાયો—ગોઓ, ધેનુઓ.

સવારે-વાહાણે.

પાઠ ૧૧

ચેન-ખુશી,ગમત,સુખ, આનંદ.

અહીંઆથી—આ જગાએથી અતરેથી.

બંધીખાને-કેદખાને, જેલમાં.

ફરાય-જવાય, ચલાય, હલાય.

વિચાર-તર્ક, તરંગ, કયાસ, મનસુબો.

વાંશે-પાછળ પછવાડે ...

નીસરો—નીકળી, નાશી
લાગ—વખત, સમય, દાવ, અ
વસર તક.
સમજાવ્યું—શિખામણ આપી.
છુટું—કબાન વગરનું, વછુટું.

પાઠ ૧૨

ફાવ્યો—ગમ્યો, આવ્યો
અણસમજ—અજ્ઞાન, બુદ્ધિ વ
ગર, ગત વગર.
વગડામાં—જંગલમાં, અરણ્ય
માં, વનમાં
કોતર—ખાડુ, ગુફા
સટકી—નાશી, દોડી
ડાહ્યો—સમજુ, ઠાવકો, ચતુર,
વિચક્ષણ.
આગળ—અગાઉ, આગમચ,
પ્રથમ, પુર્વે.
ભલું—સારૂ બેશ.
પાડોશી—પાશે રેહેનાર.

પાઠ ૧૩

છેક—છેવટ, અંત.
વાઘ—સારદુલ, શાવજ, ચીતરો.
માન્યું—કબુલ કરયું.

ચરણોને—પગોને
પ્રાણ—આત્મા, જીવ.
દુખીયું—અસુખીયું. દરદવાળું.
ચિત—મન
અવસ્થા—હાલત.
કીધો—કરયો.
વળતી—પછી.

પાઠ ૧૪

પળાળેછે—ભીંજવેછે ભીની કરેછે
ચોકણી—ચોકાશવાળી. ચોકડી.
ઠીકરાના—માટીના, કચરાના.
ભરવાના—ઓરવાના, નાખવાના.
આંતરડે—જમાવે, મેળવે
જાત—પ્રકાર.
કોડીયાં—દીવા કરવાના વાસણ.
નરમ—પોચુ, ઢીલું.
માટી—મટોડા.
થાયછે—બનેછે
ગોળીઓ—મોટી માટલીઓ.

પાઠ ૧૫

પાળે—કાંઠે, તડે, કીનારે
વાગ્યા—લાગ્યા.
બગાડ—નુકશાન જાન, ખરાબી.
ફેંકવા—ઉછાળવા, નાખી દેવા.

કાતરે—કંટાળેલું.
મંડ્યા—મચ્યા.
તળાવ—નાનું સરોવર, મોટામાં મોટા કુંડ
પથરે—પહાણે
જવાબ—ઉત્તર,
ધડાધડ—ધબાધબ, ભડાભડ
કશાએ—કાંઈએ
ખરૂં—સાચું, બરોબર વાજબી
ગરીબ—બચારો, બાપડો, કંગાલ, અનાથ, રાંક.

પાઠ ૧૬

બેનપણી—સહીપણી, સખી, સેપર, ગોઠિયણ.
નોતરૂં—આમંત્રણ, તેડું
ભુંગળી—નળી.
વેલણું—રોટલી વણવાનું રાચ.
તપેલી—નાનું તપેલું.
કડછી—રશોઈ કરવાનું રાચ
તાસક—રકેબી, નાનીથાળી
વખત—વેળા, સમય, કાળ
રાંધ્યું—ખાવાનું કર્યું
તે વડે—તેનાથી.
થાળી—ધાતુની રકાબી
મોં આગળ—નજીક, પાસે.
વાડકા—કટોરા

પાઠ ૧૭

મચ્યા—ખાંખી કરાર ખાકી
ધાણી—શેકવાથી ફુલેલું અનાજ.
ખાવાનું—જમવાનું ભોજન કરવાનું
પુંઆ—ડાંગેરને ખાંડેથી ચપટું થાય છે તે
ભાંડવું—ગાળો દેવી, કવચન કહેવાં.
ટેવ—આદત, લત, રીત, ચાલ, ખો
બા—બેહેન.
વડે—વઢે.
કજીઆ—કંકાસ, ટંટો.
મેહેતાજી—ગુરૂ, પંડ્યા, ભણાવનાર માસ્તર.
વેહેલી—તાકીદ, ઝટ, લાગડતોબ

પાઠ ૧૮

છોટીઆ—નામ છે.
નાનું—છોટું.
મેલાય—મુકાય, છોડાય.
ભાણો—ભાણેજ, બહેન તથા દીકરીનો દીકરો.
આટલી—હાવડી.

વાર—વખત, વેળા, કાળ
દેખાય-જોવાય, જણાય. દ્રષ્ટીએ આવે. નજરે પડે.
રોતો-રડતો. આંસુ પાડતો
હઠ-પક્કડ, જીદ.
તેડવા-બોલાવવા
ભાઇ—બંધવ, ભ્રાત
બેની-સગી બેહેનપણી.

પાઠ ૧૯

નિશાળીયા—વિદ્યાર્થી, નિશાળમાં ભણનાર.
લાકડી—જેષ્ટીકા, ધોકા, ડંગોરી.
ભણેલા—શીખેલા, વિદ્વાન
પરીક્ષા—તપાસ, અજમાયશ, તજવીજ, કસોટી.
ઈનામ—સરપાવ, બક્ષીસ.
બાકી—અધુરૂં, શેષ.
જોવા—તપાસવા.

પાઠ ૨૦

ઉતાવળ—જલદી, તાકીદ, તાબડતોબ.
સામટુ—એકદમ, એકીવારે.
નીકળ્યો—બાહાર આવ્યો
ચોડો- ચાચડો.
બોર-બોરડીના ફ..
હાથ—ભુજ, કર, હસ્ત.
સાંકડું—નાનું

પાઠ ૨૧

પુંછડિયો—પુંછડાવાળો.
ખીજવવું—ચીડવવું.
હજામ—વાંયજો, વાળંદ,
બાંડો—વગર પુંછડાનો.
કપાળી—ચઢાવી
ચીડવે—ખીજવે.
સાત પુંછડીયો-સાત પુંછડાવાળો

પાઠ ૨૨

કામકાજ—જરૂર, અગત્ય.
કોદાળી—ખોદવાનું લોઢાનું હથિયાર.
મજુર—વેતરો, ટેલકરી.
સાંચા—અસલ
ભિખારી-ગરીબ, રાંક. અનાથ.
બાપડીઓ—સ્ત્રીઓ. બચારીઓ.
દરજી-મેરાઈ, સઈ.
ધોબી—પરીયટ, લુગડાં ધોનાર.
સુતર—કાંતેલું રૂ.
મોતીના-મોતીના આકારના

ખપ—જરૂર, અગત્ય.
કાંતે—સુતર કાઢે.

પાઠ ૨૩

ધ્યાન-નજર
ફરતા—ભટકતા, આથડતા.
માયા—હોરતી, હેત, પ્રીત.
ચડવું—ભણવું
પાંતરા—શીખ્યા.
વેળાસર—વખતસર.
મન—અંતઃકરણ
ભુલ—ચુક.
પાઠ—ધડો.

પાઠ ૨૪

નિત્યે-રોજ, હમેશ, દરરોજ,
ચિત્ત-ધ્યાન, નજર, લક્ષ, કાળજી
રૂડી—સારી, બેશ.
ગુરૂની—મેહેતાજીની
ચોડી-લગાડી. ચોટાડી
શિક્ષ-શિખામણ
સમજે—શીખો
પાંશરૂ-પાધરૂં, સીધું, ઉભુ

પાઠ ૨૫

વિદ્યાશાળાની—ભણવાના
ગાડીવાળો—ગાડું હાંકનાર

રોકીને—ઘેરીને
નીચે—હેઠળ
વિચારવું—ધારવું
રસ્તો—મારગ, પંથ
ઠેકાણું—જગો, મુકામ
બિચારે—ગરીબ, અનાથ, રાંક
સારી—બેશ, સુંદર

પાઠ ૨૬

ટોપલી—સુંડી
નળીયાં—નેવાં
કોપરાં—ટોપરાં
ભીંત—દીવાલ
છાયું—ઢાંકણ કરવું
દાણા—અનાજ
મારગ—રસ્તો, પંથ
છાપરૂ—ઘરનું ઢાંકણ
ભારો—જુડો
કનેથી—પાસેથી
ધણી—માલીક
દાંડા—દંડા
કમાડ—બારણાં

પાઠ ૨૭

ભીતરડી—દીવાલ, ભીંત
ઉઘાડો—[illegible]

છાયાં—ઢાંક્યાં
કેરાં—નાં, છઠ્ઠીનો પ્રત્યય
રખડવા—આથડવા, રઝળવા.
બારણું—કમાડ, દ્વાર.
આડું—અવળું, વાંકું
વારીને—અટકાવીને, બંધ કરીને
વલે—હવાલ હાલત
જાળજો—તપાસજો, સંભાળજો
ઉઘાડજો—ખોલજો
માને—કબુલ કરે, સ્વીકારે
શી—કેવી
કાલે—આવતે દહાડે

પાઠ ૨૮

અમથી—અમસ્તી, નકામી
બાહાર—બારણે
આવકતું—[illegible]
રઝળવા—રખડવા
સુખી—આનંદી
જોડેલી—બનેલી, બાંધેલી
ખરી—સાચી
બનેલી—થએલી

પાઠ ૨૯

રાતો—રક્તો
[illegible]—[illegible]માં

નહોર—નખોરીયા
પાંહોણું—મીજમાનું
ચોપડ્યાં—લગાવ્યાં
તાણતો—ખેંચતો
ભેંકડો—જોરથી રોવું
ઊંદરડી—ઊંદરની માદા
લાહે—અગનીએ, ગરમીએ,
બળતરાએ
સરખી—બરોબર
મુકી—મેહેલી
સુતો—પોઢ્યો

પાઠ ૩૦

તાંબુ—લાલ રંગની ધાતુ
ચોળાશપર—સહેલીપર
તાંબાકુંડીઓ—તાંબાના કુંડાં
અથડાય—કુટાય, અફળાય
માંજેલાં—અજવાળેલાં
પીતળ—પીળી ધાતુ
ગરમું—ધાતુનું વાસણ
ગોબાય—ખાડો પડે
ચળકતાં—ઝળકતાં, ચમકતાં
કથરોટ મોટો તાંબાનો થાળો
લોટો—પાણી પીવાનો ગોળ
આકારનું વાસણ

પાઠ ૩૧

નાનીશી—જરાક જેટલી

પોતડા—ધોતલી

પીછોડી—ખેસ, દોપટો

કીરકોરી—રેશમી કોરની

પાઘડી—પાઘોટી, પાઘ

હલકી—જુના શ્રીમતની

જામદાની—બારીક, બુટાવાળુ લુગડું

અંગરખી—નાની ડગલી

દીકરો—છોકરો, ઓરસજાયો છૈયો પુત્ર

ટોપી—માથે પહેરવાનું વસ્ત્ર.

કાકા—બાપનાભાઇ

આંક—આંકડા, રેખા

નામાં-નામ

પહેરીને-ઘાલીને

પાઠ ૩૨

વાગોળવું-પશુનું ગળામાંથી પાછુ લાવી ચાવવું

માખણ—દુધનું તત્વ

ખરીઓ-પશુના પગનાનખ

હલાવે—હીલવે

ફાટ—ચીરો, તડ

ભાવે—ગમે, પસંદ પડે, માફક આવે.

ચરેછે-ખાયછે.

મોહો-મુખ, વદન.

ઘણુંજ—વધારે, બહુ.

પાઠ ૩૩

ગુણ—નફો, ફાયદો.

અગણીત—ગણાય નહી તેવા

ખાંતે-ઉલટે, હોંશે, ખુશીથી

જન-માણસ, પુરૂષ, મનુષ્ય.

પંખી—પાંખવાળા જનાવર

નર—મરદ, પુરૂષ, ભાયડો.

નાર-સ્ત્રી, બાયડી બૈરી, બાયરન, ત્રીયા.

આધાર—ટેકો, આશરો, ઓથ

પ્રભુ-ઇશ્વર, પરમેશ્વર, ઈષ્ટદેવ

પ્રાણ—જીવ

જન્મતી—અવતરતી.

સુખદાતાર—સુખ આપનાર.

કહેવાય—બોલાય.

સૌ-બધા, તમામ.

વાર—વખત, સમય

પાઠ ૩૪

દુધપાક—ખીર [illegible]

આસણી—ખાંડને ઉકાળી જા ડી કરે છે તે.
બુરૂ—ઘોએલી ખાંડ.
ઠારે-ટાહાડું પાડે, જમાવે.
વલોવે—દહીને છાશ કરવાની ક્રિયા.
માવો—દુધ બાળેથી થએલો લોચો.
ખડખાં-ગડફા, ઢેભા.
તાવીને—તપાવીને, ઉનું કરીને, ગરમ કરીને.
પેંડા—એક જાતની મીઠાઈ.
જામીજાય-બંધાઈ જાય.
લોચો-લચકો, લોંદા.
બાળે—ઉકાળે.
લોચા—લચકા.

પાઠ ૩૫

લેખણ—કલમ, વતરણું.
સંતાડીને-છુપાવીને
છાનીમાની—સંતાડીને, ગુપચુપ, ન માલમ પડે એવી રીતે
પડેલી—પડી રહેલી.
માન્યું—સ્વીકાર્યું, કબુલ કરવું.
[illegible], ચાલ.

ચોરની—તસ્કરની, ઠાંગાની.
જોઈને—તપાશીને, શોધીને.
જાઠી—જુઠી, સાચી નહી તે.
જુઠા—વાંકા બોલા, લબાડ, જુઠું બોલનાર.

પાઠ ૩૬

પાવલી-રૂપીયાનો ચોથો ભાગ
માન્યું-કબુલ કર્યું.
ચોરી-તસ્કરનું કામ.
કાગળ—પત્ર.
લટકાવી—ટંગાવી.
કોટ-ગળુ, ડોક.
ફજેતી-બદબોઈ, અપકીર્તી, બેઆબરૂ.
પકડાઇ-ઝલાઈ.
કને—પાશે, નજીક
જુઓ-દેખો, ભાળો, તપાશો.
કોટે—ડોકે.
જોઈ—દેખી, તપાશી, ભાળી.

પાઠ ૩૭

દીકરાની-છોકરાની, છૈયાની.
વઢવું-લઢવું, કજીયો કરવો.
શરમાયો—લજવાયો.
ફવાલ—વલે, દશા.

વાળુ—સાંજ વખતનું ભોજન
પેહેલાં—પ્રથમ. આગળ.
તેડાવીને—બોલાવીને.
દુઃખ-કષ્ટ, સંકટ.
વહીને—બહીને.
કશું—કાંઇ.
જણશ-વસ્તુ, ચીજ

પાઠ ૩૮

લેવી—લઈ જવી,
કદી—કોઇ દીવશ, કોઇ વખત
ઉપાય—ઈલાજ
પાપી—દુષ્ટ, કુકર્મી, અધર્મી
પાપાત્મ
સ્નેહ—હોરતી, હેત, પ્રીતી.
દેહ—શરીર, દીલ. કાયા.
રાચે-રીઝે, રાજી થાય, ખુશી
થાય.
શોભે—દીપે, સારી દેખાય.
જગપતી—જગકર્તા, જગત બના
વનાર ઈશ્વર.
પુરો—બરોબર, અધુરો નહી તે
માટે—વાસ્તે, કાજે.
બાળક—બચ્ચું, નાનું છોકરૂં.

પાઠ ૩૯

ગાંધીનો-કરીઆણું વેચનારની
બદામ મેવાની જાત.
દુકાન—હાટ. પેઢી.
ઓળખીતો—પીછાનવાળો
દરાખ—દ્રાક્ષ.
કાજુ— એક જાતનો મેવો.
વાટી—કોપરાની કાચલી.
મગફળી—મગની શીંગ.
ખજુર—લીલી ખારેકો
મામા—માનો ભાઈ.
ચારોળી—મેવો.
વળતી—પછી, મોડે.

પાઠ ૪૦

ચંદ્રમા—રશી. શોમ, ચંદ્ર, ચાંદ
સરસ્વતી—વિદ્યા.
વિદ્યા—સરસ્વતી.
ઘણાખરા- ઘણાએક.
દિવશ—દાહાડો, દન.
છુટી—રજા
રવિવાર— સુર્યનો વાર.
સુરજ—સુર્ય, રવી, પ્રભાકર.
વેહેલા—જલદી, તાકીદ.
શુકરવાર—શુક્રનો વાર.

પાઠ ૪૧

જબરી—મજબુત, જબરૂ, બળવાન

વહાણામાં-સવારમાં. ફજરમાં

ઝાંસ—ઓસ, માટી.

ચરચાર-ચારે ચાર.

કીડા—જીવડા, એળ.

કુદતો-ઠેકડા મારતો. ઉછાળા મારતો.

ડોલતે-ઝુલતો, હાલતો.

સાંજ-આથમતો દીવસ

બાંઠ-જબરો, મસ્તાન

મેહેનતુ-ઉદ્યમી, વેતરૂ કરનાર

માળો—પક્ષીને રેહેવાનું ઘર.

કાગડો—કાડીયો.

કાળો—શ્યામ.

ભોંય—ધરતી. જમીન

મુએલાં—મરી ગએલાં.

ઓળગેછે-પારઓછે, પીછાનેછે

ઉગ્યા—ફુટયા, નીકળ્યા

પાઠ ૪૨

પાંખાળો-પાંખવાળો.

રાગ—સ્વર, કંઠ, સુર

રૂપાળો—પ્યારો ફુટડો, રૂડો

[illegible]—જલદી તાકીદ.

કાંકરાં-કંકર.

ચાહે-ઇચ્છે.

હણવા-મારવા

જલદી—તાકીદ, ઉતાવળ

ચતુર—સમજુ, શાણો.

કોપ—કોઈ.

ચેતી-જાણી, સમજી

ઉડી—ઉપડી.

પાઠ ૪૩

પીતરાઈ—એક વંશના સગા

મોસાઈ—મોસાળની તરફના સગા.

ભત્રીજો—ભાઇનો દીકરો

ભાણેજ-બેહેનનો છોકરો

સાળીઓ—વહુની બેહેને.

બનેવી-બેહેનનો વર.

માશો—માશીનો વર.

ફુઓ—ફઇનો વર.

બાગે—બાપ.

પાઠ ૪૪

જમાઇ—દીકરીનો વર.

સંપસંપીને—સલાહથી, એક રાગથી, હળીમળીને

સાવકા—એક બાપને મા જુદી

વેહેવાઈ-વર વહુના બાપનું અરસ પરસ સગપણ.
ઓરમાઈ-સાવકા
વેહેવાણ-વર વહુની માનું અરસ પરસ સગપણ.
સગા—કુટંબી

પાઠ ૪૫

ચોટું—બજાર, મારકેટ.
ફડાવ્યું—કપાવ્યું
ખાદી-જાડું લુગડું.
દોશીવા વાયા —કાપડ વેચનાર.
વાગોતર-ગમાસ્તો, નોકર.
કાલે—ગએ અથવા આવતે દીવશે.
બાસ્તો—ખાદીથી ચડતું દેશી લુગડું
શેલું—રંગેલી ખાદી.
હાટ—દુકાન પેઢી
જાજમ—શેત્રંજી, બીછાનું.
અંગરખું-કેહેડીયું.

પાઠ ૪૬

મહીના—માસ, મસવાડા
દીવાળી—વરસ આખરનો છેલ્લો દીવશ.
ઉતરાણ—મકર સંક્રાંત
વસંત—રૂતુનું નામ.
પર્વ—તેહેવારનો દીવશ.
રામનવમી—રામજીના જન્મ દીવશ
અખાત્રીજ—વઈશાખ સુદ ૩ નો દીવશ.
વરસ-સાલ, બાર મહીના.
શિઆળો—ઠંડની રૂતુ
ઉનાળો-તાપતી રૂતુ
ટાઢ—ઠંડ
નવું—તાજુ
દેવદીવાળી—દેવની દીવાળી
વસંતપંચમી—માહાસુદ ૫.

પાઠ ૪૭

ચોમાસુ-ચતુરમાસ, વરસાદના દિવશ, વર્ષા રૂતુ.
પજુસણ—શ્રાવકના તેહેવારના દિવશ
ગોકળઆઠમ—જન્માશ્ટમી, કૃશ્નનો જન્મ દિવશ
શ્રાવણ-વર્ષનો દશમો મહિનો.
પખવાડીયું—અડધો માસ.
ગણપતિ ચોથ-ભાદરવા સુદ ૪

પરતાદ—મેહ, મેઘ, વન.
સરાદિઆં—ભાદરવા વદ.
તિથિ-તથ, તારીખ, તથી.
ઉતરતાં—પુરા થતાં.
દશરા—આશોસુદ ૧૦
દીવાશો—શો વર્ષનો માશો, આ
  સોડવદ અમાસ
મેળા-તેહેવાર, તમાશા, મેદની
શ્રાવક—જૈનધર્મી લોકો

પાઠ ૪૮

વાજાં-વાજીંત્ર
ઘરઘોડો—વરને જમવા જવા
  તથા પરણવા જવાના સ્વારી
સરણાઇ-પીપી, પીપુડી.
નગારાં—તાંસા
ભુંગળ—વગાડવાનું વાજાં જે
  વું યંત્ર.
ઘડીઆળ—વખત જાણવાનું
  યંત્ર.
દેવળ દેવસ્થાન, મંદીર.
તનુડાં-રણસિંગા
ઝમકારો-ઝગઝગાટ, ચમકારો
કુંડાળુ -ચકરડું.
ખ્યાલ—મરદંગ.

નાદ—સાદ. શોર, અવાજ.
ઝાઝ કાંઝ ઝીંજોડા.
ઘંટ—મોહોટા ઘંટડી.
વાહવા—આહા
ઢોલ—મોટું નગારૂં.
વગાડે—બજાવે.

પાઠ ૪૯

વરસગાંઠ-જન્મગાંઠ, સાલગી
  રી, જન્મ દિવશ
રાછતા—રાઈ ચડાવેલાં.
ઘરેણા-શોના તથા રૂપાની શો
  ભાયમાન પેહેરવાની જણશો,
પેહેરાવ્યાં—ઘાલ્યાં.
બીડાં—પાનનાં વાળેલાં પડી
  કાં અથવા બીડાચો.
પાનશોપારી—મુખવાસ.
કુંવર—લાવશી.
અડાડચો—અડકાડયો, સપર્શ
  કરાવ્યો.
કશાને—કાઈને.
મીઠા—નામ.
જમવાનું—ભોજન લેવાનું, ખાવ
  નું, આરોગવાનું
મઝન—ગમત, લજત, ખુશી.

મંછી-ઓનું નામછે

પાઠ ૫૦

શરીર—અંગ, દીલ, હાડ.
ગુમડા—મોટા ફોલ્લા
ઊલ—મોહોડામાની લાલ
ફીકર—ચીંતા, ધાસ્તી.
કોહ્યો—સડો.
ગંધાય—ખરાબ વાસ આવે
ઘસવા—ચોળવા, મસળવા
મસળવું—ચોળવું ઘસવું.
દઉં—આપું.
ચોખ્ખું—સાફ, સ્વચ્છ.
ચોળીને-મસળીને
ધોએલાં—ઉજળાં કરેલાં, સાફ કરેલાં.

પાઠ ૫૧

ઉપણે-જાણે, કાપે, વાઢે.
લુઓ—ગોળ જથ્થો.
ઉચલાવીને—ફેરવીને.
લાડવા-એક જાતની ખાવાની વસ્તુ.
ખેડવું—ખાતરવું
તાપ—ઉનું, તડકો, ગરમી.
પાકવું-પાકું થવું.

કલેડું—રોટલા કરવાની કુમ્હારની ઠીબ, અથવા તાવડી.
લોઢો-તવો
શેકવું ખરૂં કરવું તપાવવું.
વાવેછે-રોપે છે.
ઉગી-વધી.
લોટ—આટો.
ઘડે—બનાવે, કરે.
મેર—બાજુ.
વાલ—આસરે

પાઠ ૫૨

ઠીમણું—સુનેલું ઉપશેલું, ફુલેલું.
ગભરાવવું-અકળાવવું બેભાન થવું
વારો—વખત, સમય
ખશેડ્યા—ધકેલ્યા, કાહાડ્યા
ધરાવું—સંતોષ પામવું
કોણી-હાથનો વચ્ચેનો ભાગ
ખઆડીને—લગાડીને, વળગાડીને
ખુબ—ઘણુંજ, બહુ
વાગી-લાગી, અથડાઈ પછડાઈ
રોતોરોતો-રડતો રડતો

આછો—છેટો, વેગળો, દુર
સામું—સનમુખ, સીધુ
દયા-રેહેમ, મેહેરબાની

પાઠ ૫૩

ઊંદર-ગણપતીનું વાહન
કાતરી-કરડી, કાપી.
લોક—માણસ, મનુષ્ય, જન
સતાઈ—છુપાઈ
ચંચળ-હોંશીઆર, ચપળ
તરત-તે વખત
સર્વ-બધા, સઘળા, તમામ
ફુંકતો-ફુંકો મારતો
ખુણે ખાચરે—આડે અવળે.
ભોંય—જમીન, પૃથવિ. ભુમી,
દીઠામાં—દેખવામાં, જોવામાં
ઝાલવા—પકડવા
ઝટ—જલદી, ઉતાવળ, તાકીદ
કરડેછે—બચકાં ભરે છે
ખબર-માલમ. જાણ
બિલાડી—મની બલી મંજરી
મંજરી મની, બિલ્લી, બિલાડા
ચુકે ચાં—ઊંકે આં, લગારે અવાજ.

પાઠ ૫૪

નડ-હરકત, વીપતી, નુકશાન, પીડા. દુઃખ
ધાડ—લુટારાનું ટોળું
બારામાં—બારા, નવાં, મંજનનાં
મની—બીલાડી. મંજરી
બવટ-બતી, વાટ, બરાબ
કપડા-વસ્ત્ર, લુગડાં
ઉપાય—ઇલાજ
પાર-છેડો, કીનારો કાંઠો, અંત
વહેલા—બહુ, જલદી થયા
હારોહાર—હારબંધ
ધડબડ-દોડતા, કુદતા, ધમ પછાડ કરતા.
માહાસુખ—મોહોટું સુખ

પાઠ ૫૫

પાંદડાં—પાના, પાત્રાં, પાલો,
સાંભરેછે—યાદ આવેછે
બાપડી—ગરીબ, બિચારી
ભ્રું-અગ ઢાકયું.
વાળ—બાળ, કેશ, નીમાળા
ભુલી—વીસરી, ચુકી
રંધાય-રસોઈ થાય, બફાય
કાચા—પુરા બફેલા નહી તે
નાહાના-હેડ

બાંધ—લાગે

પાઠ ૫૬

આંચળ—થાઈ

ધાવતા—આંચળ મોંઢામાં ઘા લીને ચુસતા

જોર—બળ, શક્તિ, હૈવત

કરડવા—બચકાં ભરવા

બકરા—બકરીના નર

પાઠ ૫૭

ઝાડપાલો—વનસ્પતી, ફળ ફળાદિક

નદીઓ—સરિતા, મોટા પાણીનો પ્રવાહ, ગંગા

મોળું—ફીકું, સ્વાદ વિનાનું

ખારૂ—ખારાશવાળું.

કુવો—કુપ

મીઠું—સ્વાદવાળું

તળાવ—નાનું સરોવર

લાગીએ—આગણીએ

પાઠ ૫૮

લગાટી—લાખની ગોળી

ફરે—તાબીત થાય, માથે આવે

બહુ—ઘણું, વધારે

...—... ...

ફુમવા ફૂલા

ભુલી—વિસરી, ચુકી

ખરી—સાચી

પાઠ ૫૯

મહીપતી—રાજા, પૃથિવીનો ધણી

પસ્તાય—વિમાસે, પશ્ચાતાપ કરે

પાછળથી—પછીથી, કેડેથી પછવાડેથી.

ખોહન—ઉઘાડું, ખુલ્લું, જાહેર.

ઝલાય—પકડાય.

સમજી—માની, જાણી.

જ્યારે—જેવખતે.

ખાંપી—લટકાવી, ટંગાવી.

ફજેતી—બદનામી

પાઠ ૬૦

આંગણું—ઘર આગળની જગા

પછીત—ઘરની પાછલી ભીંત.

છીંડી—ઘરની પાછળની છુટ.

અગાશી—ધાબુ.

અજવાળું—અજવાશ, તેજ, પ્રકાશ, ઉજેશ.

ચોક—ઘર વચ્ચે ઉઘાડી જગા.

કરા—ઘરની આસપાસની ભીંતો

ઓટલો—બારણા આગળ ચણેલી

લો ચોરો

મેડો—માળ, મેડી.

ભીંત—દીવાલ.

ઉઘાડી—ખુલ્લી, જાહેર

પાઠ ૬૧

રશોડું—રાંધવાની ઓરડી.

ભંડારીઆં—તાકાં, હાટડાં.

પાણીઆરૂં—પાણીનાં બેડાં મુકવાની જગા.

ટાંકાં—પાણી ભરી મુકવાના કોઠા એવા ખાડ.

ઓટલી—નાનો ઓટલો.

અંધારૂં—તિમર, અંધકાર.

રશોઈ—પાક, જમણ.

ધુમાડો—ધુણી.

ગોટાય—ફેલાય, ગુંચાય, ભરાય.

જાળી—લોઢાના સળીયાનું ગુંથેલું બારણું.

બારી—કમાડ.

ધુમાડીયું—ધુણી જવાનું બાકું.

ચોકડી—ખાળ અથવા પાણીઆરા આગળ ચુનાની ઓટલી

છો—ચુનેથી બનેછે તે.

[illegible] જવું.

ગોખલા-તાકાં, હાટડાં

નીસરણી—સીડી.

મુકલી—રાખેલી.

ઢાંકવાને—સંતાડવાને.

બેડાં—પાણી ભરવાનાં તાંબા પીતળના વાસણ

થોડાંજ—જુજ, જરાક.

ફેલાય—વરાય, અડકાવાય

પાઠ ૬૨

કુકડી—મરઘડી.

બચ્ચાં—બાળક.

ખડખડે—અવાજ થાય.

દીપે—શોભે, પ્રકાશે.

ભાતભાતનાં-તરેહ તરેહનાં, જાત જાતના.

ઉકરડા—છાણ અથવા ખાતરના ઢગલા.

ખોતરવાની-ખોદવાની, ઉખેડવાની.

વાહાણું—સવાર, પ્રાતઃકાળ.

શેવે—સાચવે, ઉછેરે, જાળવે

બીકણ—બીહે તેવું,

ધસવું-ધાવું, દોડવું.

દેખડવું—બીજાવવું, બતાવવું.

માંજર-માથાપરની કલગી.
પીંછાં—પક્ષીની પુંછડી જેની ઘની હોયછે તે.
ધંધો-રોજગાર, કામ, ઉદ્યમ.
વળગવું—ખાઝવું
જાળવે-સાચવે, સંભાળે
કાયર—સુસ્ત, શુર વગરનો.
ચળકતાં—તેજસ્વી, ચકચકીત. ઝળકતાં.
રંગ-વરણ
રૂપાળો—રૂપવાળો.
રોજ—હમેશ, સદા, નિત્ય.

પાઠ ૬૩

કીડી-નાના મંકોડી.
સાપ—સરપ, નાનો નાગ.
ભણતો-સીખતો, અભ્યાસકરતો.
ચગદી—દાબી, ચાંપી, પીલી.
છેલ્લીવારે—આખરે, છેવટે.
પ્રાણ—જીવ, આત્મા, જાન.
વેહેર-અદા, દ્વેષ,
બગારેક-થોડું, રજ, જરા
ઝટકા-ડંખ.
નાગ-મોટો સાપ, ભોરંગ.
છોલાયું-ઉઝરડાયું
ફેણ—ફેણ, ફેણા.
જીવ-પ્રાણ.
નબળા-અશક્ત
પેસતાં—પ્રવેશ કરતાં, જતા.
લોહી—રૂધીર, શ્રોણીત.
ઘાયલ—જખમ થએલો.
પેર-રીત, ભાત.

પાઠ ૬૪

છોડવા—નાના ઝાડ.
મુળીઆં—મુળાડીઆં, જડ.
ઉગે—ખચે, ઉગરે.
વાદળ—વાના જથો.
વાટે—રસ્તે, માર્ગે, પંથે.
ઓગળે—પીગળે, બળે.
વેહ—કાણું, છીદ્ર, સાહાર.
ફરે—તરવ, રવ.
થડ-ઝાડનાં ડાળાં જેમાંથી ઉગે છે તે.
ડાળાં-ડાંખળી, શાખા.
ફુલ—પુષ્પ.
ફળ—મેવો.
શાક-તરકારી, ભાજી.

પાઠ ૬૫

લીલા-લીલાશવાળા

કરમાઈને-સુકાઈને, વીલઈને.
સીઝીને-પાકીને, પુરો આવીને
છાંટવું-છંટકાવ કરવો.
કચરે-કાદવે, કીચડે.
સુકાવું-વીલાઈ જવું, કરમાઈ
જવું
ટટાર-ઉભા.
તાજા-તૈયાર, પુષ્ટ.
વરસતો-પડતો.
બીચારા-ગરીબ, બાપડા.
લુલા-લંગડા.
મજાના-લજાતદાર, સારા.
રીસાળ-ક્રોધી, ગુસ્સાવાળો,
ઝાંઝી.
પોરશેલી-પુરેલી, મુકેલી.
વેદના-દરદ, દુખ
પુણે-નડે, ઈજા કરે.
રીસાયો-રીસાઈ ગયો
મુદલ-લગાર, જરી.
ભાંડુ-ભાઈ બહેન.
વીંછી-વીંછુ.
ચેન-સુખ
મજા-મેહની.
આસુ-સારે,

મુકયો-મેલ્યો.
દુધપાક-દુધ ચોખાનો પાક

પાઠ ૬૭

તગુપલાં-તપણાં, તરેપડાં
ઉંડાં-ઉંડ
રૂ-કપાસમાંથી નિકળે છે તે.
ગામ-ગ્રામ.
આખુ-બધું.
ધીમે ધીમે-આસ્તે આસ્તે.

પાઠ ૬૮

પાલો-પાત્ર પાંદડાં.
ઝાઝવાં-ઝળ ઝળીયાં.
તેજ-પ્રકાશ, ચળકાટ, નુર.
સુરજ-સુર્ય, રવી.
ગરમી-તાપ, તડકો. ઉષ્ણતા
નિપજ્યું-પેદા થયું, બન્યું.
સવે-બધાએ.
થાળી-જમવાનું વાસણ.
ટાઢ-ઠંડ શીત.
આંખે-નેત્રે

પાઠ ૬૯

બગાડ-નુકશાન, હાની.
થાજો-દોડજો, વારે આવજો
સીમમાં-ખેતરમાં, સીમાડામાં.

ખેતરવાળા — ખેતરના [illegible], ખેડુત.
ગભરાઈ—અકળાઈ, બેભાન થઈ
ભેનરવું—ડગવું. ફોસલાવવું.
આશપાશ—આગળ પાછળ.
ખેડુત—જમીન ખેડનાર.
ચારતા—ચરાવતા. ખવરાવતા
ઘુમો—ગોળો રોડો
શરમાઈ-લજવાઈ, ઓશીઆળ
નુકશાન-ખરાબી, બીગાડ

પાઠ ૭૦

ઘસવું-દાખલ થવું, પેસવું.
પામીએ—ખમીએ, ભોગવીએ.
ભસવું—કુતરાનું બોલવું.
લોહીઝાણ—લોહી ચુતો.
તુટી પડવુ—એકદમ પડવું.
શોબત—સંગત.
લાગ—દાવ, તક.
ફાવે—ચાલે.

પાઠ ૭૧

પજવીએ—ચીતાડીએ.
ઉગારીએ—ઉશેડીએ.
માહોમાહે—પોત પોતામાં, અંદર અંદરમાં.
સંગાથીઓને—સોબતીઓને
દુખાય—દુભાય. ખોટું લાગે.
રાજી થવુ—ખુશી થવું
હેત—માયા, ચાહના, પ્યાર.
ઉપરાણીને—[illegible].
સાવો—પતો.

પાઠ ૭૨

વાહાલો—પ્યારો.
ચાહ—વરવુ.
ઊંચો—આઘો, દુર
ગરેવ—જમીન, ધરતી.
અંધારુંધાર—અંધકાર.
ગગન—આકાશ
પરમેશ્વર-ઈશ્વર.
તડકો—તાપ, ગરમી.

પાઠ ૭૩

કરનાર-બનાવનાર, કર્તા.
જગ—દુનિયા, સંસાર, આલમ.
સરજનાર—પૈદા કરનાર, ઉત્પન્ન કરનાર.
મહિમા—માહાત્મ, કીર્તિ, વખાણ, વિખ્યાતી.
ભજવા—જપવા. ભજન કરવા.

આંબલી } ઝાડછે
કોઠી }

તારા—ગગન નક્ષત્ર, આંદરડુચો

દેવ—પરમેશ્વર, પ્રભુ, ઇશ્વર

ધરીએ—રાખીએ

નિશાળ—શાળા, ભણવાનુ ઠેકાણું

પાઠ ૭૪

રંગત—રંગેલી.

શો—સંખ્યા (૧૦૦)

થોથીઆં—પોથીઆં, થેપાડાં.

પાટી—લખવાનું લાકડાનું પાટીયું

વતરણું—કલમ, લેખણ.

એકડેએક—સંખ્યાનો પહેલો અક્ષર (૧)

ઓઠે—મુખે, વદને.

ધુળ—ઘેસુ, રજ.

તૈયાર—સાવચેત, ખબરદાર.

સ્લેટ—પથ્થર પાટી.

ખડી—ધોળી માટી.

વાટીને—કચરીને, ભુકો કરીને.

પાઠ ૭૫

ઓતારો—ઓતરનાર.

ચડાવતો—ચોપડતો.

ખડીઆ—દવાત.

હરડાંબેડાં—રંગાટીમાં આવનારા એક જાતનાં ફળ

હીરાકશી—એક જાતનો કાળો રંગ કરવાનું વસાણું.

ભાઈબંધ—દોસ્તદાર, મીત્ર.

શાહી—રૂશનાઈ

ખરૂ—સાચો.

ગાંધીને—કરીઆણું વેચનારને.

લેખણ—કલમ, વતરણું.

પાઠ ૭૬

બાજુબંધ—હાથે પહેરવાનું એક જાતનું ઘરેણું.

કંદોરો—કેડે પહેરવાનું ઘરેણું, કટીમેખળ.

ધનતેરસ—ધન ધોવાનો દાહડો, આશોવદ તેરશ.

ટુંપીયો—ગળચવો

છલીઆ—બાયડીઓના પગની આંગળીઓનાં ઘરેણાં.

મરચી—પોંચી.

વાનાં—વસ્તુઓ, ચીજો.

કડાં—હાથે પહેરવાનાં ઘરેણાં.

સાંકળાં—તોડા.

ચોકડાં—કાને પહેરવાનું ઘરેણું

અંકોટી—સ્ત્રીને કાને પેહેરવા નું ઘરેણું.
વીંટી—મુદ્રીકા, આંગુઠી
પોંચી—બેરખા.
પાટલીયાં—ચુડી.
બાયડીઓ—સ્ત્રીઓ, બઈરીઓ
ધોતાં—સાફ કરતાં.

પાઠ ૭૭

ખાજાં—મેવા.
કીમત—મુલ.
હળપુણી—કોશ.
પાવડો—એક જાતનું ઓજાર
શોનેરી—શોનું મઢાવેલું.
ખુટા—કાપની ભાત.
સાંકળ—લોઢાની રાકળી.
નકુચો—નાકાવાળો ખુટો.
ડોકુ—કંઠ, ગળુ

પાઠ ૭૮

હડપચી—હોઠની નીચેનો ભાગ
ગાંસડી—પોટલી, બચકી, બીંદડી
લમણાં—આંખ અને કાનની વચેનો ભાગ.
ખાબરી—માથાના વાળ.
બોચી—ગરદન.

મોખરો—મોહો આગળ.
ચોટલી—કેશ, શિખા.
ચોટલો—વેણ
હોઠ—હોસ્ટ, અધર.
કોટ—ડોકની નીચેનો ભાગ.
પછવાડે—પાછળ, પાછલી બાજુએ.
મજુર—હેલકરી, મેહેનત કરનાર.

પાઠ ૭૯

વાંશો—પીઠ, બરડો.
ઢીંચણ—ઘુટણ, પગનો વચલો ગાળો.
ખભા—સ્કંધ, બાંધ.
હાથેળી—આંગળાં અને કાંડાની વચેનો ભાગ.
બગલ—કાખ.
કેડો—કમ્મર
કાંડુ—હાથને પંજાની વચેનો ભાગ.
નખ—નોહોર, નખોરીઆં.
ગાળો—વચલો ભાગ.
થાપા—ઢીંચણની ઉપરનો ભાગ
સાથળ—જાંગ
નળો—પગની ઘુંટીથી ઘુટણ સુ

બીજો ભાગ

તળીયું—પગની તળેનો ભાગ

એડી—પગનો ઘુટણ સુધીનો ભાગ

ઘુંટી—પગના પોપડાની બાહા
ર નીકળેલું હાડકું

આગું—આગળ

છાતી—સ્તન હૈયું, હૃદય

પાઠ ૮૦

આંબાવાડીયું—આંબાની વાડી

ટપૈયા—આરેપા, ટોકયા

ઝાંપો—દરવાજો, ઝાંપરાનું બારણું

રખવાળ—રાખવનાર, ચોકીદાર

પોહોચ્યો—મળ્યો, ભેગો થયો

કેરી—આંબાનું ફળ

વલે—દશા, હાલત

પાઠ ૮૧

સંગ—શોબત, સંગત

પ્રેમ—હેત, પ્યાર

ભાગ્યશાળી—સારા ભાગ્યવાળો,
નશીબવાન

ઠામ—ઠેકાણું, જગો

ઠરશે—થોભશે, અટકશે

બુરે—ખોટે, નઠારે

ખાંડ—મીસરી

પાઠ ૮૨

જલેબી—એક જાતનું ખાંડનું
પાયેલું પકવાન

પોર—ગયે વર્ષ, આજે વર્ષે

પકવાન—મીઠાઈ, સુખડી

હારડા—હાર, માળા

માપરા—ઘઊંના જાડા રોટલા.

નોતરૂં—જમવાને આમંત્રણ

પતાસાં—ખાંડની ચાસણીના ક
રેલા પરપોટા

બરફી—મીઠાઈના ચોસલા

ઘેબર—એક જાતનું પકવાન
જેવું જાડું રોટલાના

કુતરો—શ્વાન, કુતરીનો નર

ખાતર—ચોરી

જડ્યું—મળ્યું

દાટવું—છુપાવવું, જમીનમાં ખો
દી દાટવું

ખાનવું—ખોદવું, ઓદવું

નજર—દ્રષ્ટી, રેત

ચોર—ઢુંગો, ચોરી કરનાર

ખાતર પાડીને ચોરી કરીને.

ધન—પૈસો દ્રવ્ય

પિછાડી—પાછે, ઉપરાળો

પાઠ ૮૪

મેળાપ—સંજોગ, મળવું
શેખી—બડાઈ, મગરૂરી, પતરાજી
રડ્યુંખડ્યું—કોઈક, જવલે.
મોંઘું—વધારે કીમતવાળું, અ
છતવાળું.
પડભડી—લડાઈકરી, ઉતરી પડી
રહવાડ—કજીઆ, લડાઇ, ટંટા.
સામટા—એકીવારે, બધુ.
શાહુકાર—શાહુ, પ્રમાણિક, આ
બરૂદાર.
જમણ—જમવાનું, ભોજન.
ખરીદવું—વેચાથી લેવું.
હાંડલું—કચરાનું કાણું વાસણ.
લેખું—ગણતરી, હીસાબ.
અપાણું—આચાર, આપેલું.
જણીઆ—જણ
ભેગું—એકઠું, સાથે.
સાંટા—અવાજ, રાગ, ઉચ્ચાર, શ્વાસ, બુમ.
સાકર—ખાંડની આસણીના કરે
લા ગાંગડા.

પાઠ ૮૫

જાળ—કાંસો, ફાંદો.
કોરોગરવું—કાણાવાળા કરવા.
વાઘરી—એક જાતની જાતી.
મરડવું—મચરડવું, વાળવું.
રમડી—રંભળી.
લુચ્ચી—દગાવાળી, કપટી, ઠગણી

પાઠ ૮૬

ખોડમાં—ખેતરમાં, જંગલમાં.
ફુલાવવું—ઉપસાવવું
ખરચખુટણ—વાપરવું, ખરચકરવું
તાલેવન—શ્રીમંત, ધનવાન.
પેશાદાર—તવંગર.
મસલત—હઠ, વાદ વિવાદ.
ગજું—શક્તિ, તાકાદ, બળ
ખરાખરી—ખીજના જેવું

પાઠ ૮૭

આડોશીપાડોશી—પાસે રહેનાર
જાગવું—જાગરૂત થવું.
ગુણપાડ—આભાર, ઉપકાર.
ધણી—માલેક, ઉપરી
રખવાળી—ચોકી, સાચવણી.

પાઠ ૮૮

કંદોઈ—સુખડીયા.
ખડકી મુકયાં—ગોઠવી મુકયાં.
સાકરીયા—ખાંડની આસણીના મ
ઢાવેલા.
ચકરડી—ફુકરડી.
લાકડાનો—કાષ્ટનો.
મીઠાઈ—હરેક જાતનું પકવાન.
પાલખી—સુખપાલ.
ચોસલાં—ચોખંડા ટેપલાં.
રમકડાં—રમવાની વસ્તુઓ
ઠઠ—ભીડ, જથો, ટોળી.
ગાડીઓ—નાનાં ગાડાં.
કોપરાપાક—[illegible]

ભમરડા—લાકડાનું રમકડું.
ઘંટી-ચક્કર, દળવાનું યંત્ર.

પાઠ ૮૯

પંચરાઉ-પરચુરણ.
નાગલી-બાવટો, એક જાતનું અનાજ.
અપવાસ-ભુખ્યું રેહેવું,લાંઘણ
રાજગરો—એક જાતની ખાવાની વસ્તુ.
કોદરા—એક જાતનું અનાજ.
મકાઈ—એક જાતનું અનાજ.
બંટી—એક જાતનું અનાજ.
બાવટો—નાગલી.
તુવેર-એક જાતનું કઠોળ.
મગ—એક જાતનું કઠોળ.
ઘઉં—ગોધુમ.
ફરાળ-ફળ ખાવું, ફળનો આહાર
વટાણા—એક જાતનું કઠોળ.
જાર—જુવાર.
ડાંગર—જેમાંથી ચોખા નીકળે છે તે.
· વડી—ચોળાની દાળ વાટી મશાલો નાખી ટપકાં મુકે છે તે

પાઠ ૯૦

ઘાંચી-ઘાણી પીલનાર.
પીલવું—તલમાંથી તેલ કાઢવું.
ડોળીયું—ડોળીનું તેલ.
દિવેલ—એરંડીયું.
· · ·ખાણીનું તેલ.
સરશીયું-સરસવનું તેલ.
એરંડા-જેમાંથી એરંડીયું નીકળે છે તે.
ડોલા—ઝરોલા, ફરોલા.
સરસવ-જેમાંથી સરશીયું નીકળે છે તે.
ખોળ—તલના કુચા.
હકીકત-ખીના, વાત, વર્ણન.

પાઠ ૯૧

કાચુંકોરૂં-રાંધ્યા વગરનું.
દારૂખાનું—આતશબાજી.
જાળાં-ખઉઆં
ઉધેઇખુધેઇ—એકજાતના જીવ.
બંખેરી-ઝાપટી.
શીરો—એક જાતની ખાવાની વસ્તુ.
મઠીયાં-મઠના પાપડ.
સંજોરી-મશાલો ભરેલી એક જાતની પુરી.
ગેરૂ-રેમચી.
ખચકો—ગાંસડી.
પટારો—મજુશ, મોટી પેટી.
ખરખરીને—ખરેખરો, ખુબ, બહુજ.
ફુલકણી—કાગળમાં દારૂ ભરેલી ભુંગળી.
ફટાકા-ફટાકીયા, ટેટા.
છછુંદરાં—એક જાતનું દારૂનું રમકડું.

ઘુઘરા—એક જાતનું સારૂ ભોજન / મોટા ખડકા.
કોઠીઓ—દારૂ ભરેલા કચરાના / ભાંગેછે—ફોડેછે, વઢાડેછે.

૧ સુંદર ચોપડીઓ સારી દેખાય, અને તે દેખીને મન રાજી થાય, પણ જોને વિગતથી વંચાય તોજ તેમાંથી કામ થાય (૧) જેમ જેમ તન દેઈને વાંચે તેમ તેમ સમજણ આવે, પરંતુ જે વાંચે છે પણ તેનો વિચાર કરતા નથી તેઓ બધો અર્થ સમજી શકતા નથી (૨)

૨ વરસાદ તું આવ કે જેથી ઘેબરીયો પ્રસાદ ઉની ઉની રોટલી ને કારેલાનું શાક. (૧) વરસાદ તુ નેવે પાણી પડે તેમ આવજે કે જેથી દેડકાં ઉત્પન્ન થાય ને નઠારી છોકરીને ખેંચી જાય. (૨)

૩ વાડામાંથી એક પાડું છુટું થઈને ઘણો ચારો ચરવાને વગડામાં ગયું. પછી ત્યાં તેને વાઘે મારી નાખ્યું એવી રીતે એ અણસમજણથી દુખીયું થયું માટે જે અણસમજણથી સ્વતંત્ર થાય તે અંતે આ પાડાની માફક દુખી થાય(૨)

૪ દરરોજ નિશાળે જઇ ચીત લગાડીને ભણવું, અને સારી રીત રાખીને ગુરૂ જે શિખામણ દે તે માનવી; (૧) રમતમાં મન ઘાલશો નહી, અને સારી પેઠે સમજજો વળી નિશાળમાંથી નિકળીને પાંશરા ઘર તરફ જજો. (૨)

૫ ગાયમાં ગણી શકાય નહી તેટલા ફાયદાછે, અને તે બધાને સુખ આપનારી કેહેવાય છે, ને દહી દુધ, ઘી, આપે છે, અને તે સર્વ માણસ ખુશીથી ખાયછે. (૧) ચાર પગ વાળાં જાનવર, પક્ષી, સ્ત્રી તથા માણસ એ સર્વને જન્મ થતી વખત થી તથા દુધ જીવને આશ્રો આપનાર છે.

૬ જે પુરૂષ કોઈ વખત પણ જુઠું બોલે, તે ખરેખરો પાપી થાય, માટે બાળકો એ ઉપાય તમે કદી કામે લગાડશો નહી (૧) સાચુ બોલવામાં ઘણુંજ સુખછે. સાચ બોલવાથી બધાનો પ્યાર વધેછે. વળી સાચા

સરજનાર જે પ્રભુ તે પણ ખુશી થાય છે, અને સચાઈથી આપણું શરીર પણ સારૂ દિપે છે. (૨)

૭ માળો બાંધવા સારૂ જુવો કાળો કાગડો બેઠોછે તે ને બે પાંખોછે ને તે બોલે છે, પણ તેનો રાગ કાંઈ સારો નથી(૧)જો કોઈ માણસ કાંકરો લઈ તેને ઝડપથી મારવા મન કરે તો તે ચંચળ પક્ષી મનમાં સમજીને ઉડી જાયછે. (૨)

૮ ઊંદરો હારબંધ વધી પડ્યા, તેમને પકડાએ કઈ એમ તોએ પાર આવતો નથી, રાતરે તેઓ એવા બમ પછાડ કરવા મંડી જાય છે કે જાણે બુટારાઓની ટોળી પડી(૧) તેઓ સુદરે વસ્ત્ર કરડી ખાયછે, ને દીવામાંથી બતી લઈ જાયછે તેઓને પકડવાનો હવે એકે ઈલાજ સુજતો નથી. પણ બીલાડી મળે તો મોટું સુખ થાય (૨)

૯ ચોરી.માં સુખ સમજીને જે માણસ ચોરી કરી રેહેછે પણ જ્યારે તે ચોરીથી થતું દુઃખ સહન ન થવાથી પશ્ચાતાપ કરવો પડે છે. (૧) જે વારે ચોરી ઉઘાડી પડે છે, અને ચોર પકડાય છે, ત્યારે રાજા તેને બાંધીને ફટકા મારે છે, ને તેની પુરી અપકિર્તિ થાયછે

૧૦ ભાઇઓ_આ જંગલી ઝાડ જુવો, તેમાં સઉથી તાડનું ઝાડ ઊંચુ છે; તેમાં કોઇ આમલી, આંબા ને કોઠીનું છે અને તે બધાનાં ફળ પણ જુદાંછે(૧) જે આ દુનિયાં સુર્ય અને તારાનો બનાવનાર છે તેજ અમારો મોટો પ્રભુ છે, જેથી અમો તેની ભકિત કરવાની ટેવ રાખીએ છીએ.

૧૧ જેને જેવી શોબત હોય તેવો રંગ ઘણું કરીને બેશે જેને જેવી સંગત હોય તેને તેવીજ પ્રીત વધે. જેને જેવી સંગત છે, ને તે તેવાંજ કામ કરશે, અને જેને જેવી શોબત તે તેવેજ ઠેકાણે જઈ ઉભો રેહેશે. સારી શોબત હશે તે સારો બનશે અને નઠારી હશે તો નઠારો બનશે, પણ જો સારો ગુરૂ શિખવનાર હોયતો તેની સંગતથી નશીબવાન વિદ્યા ભણે.

સમાપ્ત.

જાહેર ખબર

ખાસ બાળકોને પુસ્તક વાંચવામાં આનંદ પડે તે મ
માટે આ નીચે મુજબની ચોપડીઓ છપાવવામાં આવી છે
બાળકોને [illegible]

૦-૧-૦ પહેલી ચોપડીનો અર્થ
૦-૨-૦ બીજી ચોપડીનો અર્થ
૦-૩-૦ ત્રીજી ચોપડીનો અર્થ
૦-૪-૦ ચોથી ચોપડીનો અર્થ
૦-૫-૦ પાંચમી ચોપડીનો અર્થ
૦-૬-૦ છઠ્ઠી ચોપડીનો અર્થ
૦-૭-૦ સાતમી ચોપડી ટાંચણની
૦-૩-૦ [illegible] ગાયન
૦-૫-૦ નંદ બત્રીસી
૦-૪-૦ સુડાબહોતેરી ([illegible]) [illegible]
૦-૧-૦ [illegible]
૦-૨-૦ સોદાગરના [illegible]

એ સિવાય બીજી ઘણી જાતની ચોપડીઓ [illegible]
[illegible]
[illegible] (ગુજરાત) [illegible]

[illegible]